# વાપી-શામળાજી હાઈવે પર ચક્કાજામ

**સથવાવમાં** NH-56 બાયપાસ મુદ્દે ખેડૂતોનો હલ્લાબોલ

**સાંસદ** પ્રભુ વસાવાના આશ્રમ નજીક પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઉગ્ર ઘર્ષણ

**પૂર્વ** ધારાસભ્ય આનંદ ચૌધરી સહિત ૩૦ જેટલા અગ્રણીઓની અટકાયત કરાતાં મામલો બિચક્યો



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકામાંથી પસાર થતા વાપી-શામળાજી નેશનલ હાઈવે-૫૬ બાયપાસ પ્રોજેક્ટ સામે સ્થાનિક ખેડૂતોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. શનિવારે માંડવીના સથવાવ ગામે 'નેશનલ હાઈવે અસરગ્રસ્ત સંઘર્ષ સમિતિ'ના નેજા હેઠળ યોજાયેલા વિશાળ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં ખેડૂતો, મહિલાઓ અને ગ્રામજનો રસ્તા પર ઊતરી આવ્યાં હતાં. પ્રદર્શનકારીઓએ આક્ષેપ કર્યો હતો કે, આ બાયપાસ પ્રોજેક્ટને કારણે સથવાવ અને તેની આજુબાજુના અનેક ગામોની ફળદ્રુપ અને કીમતી ખેતીની જમીન છીનવાઈ રહી છે, જેનાથી અનેક પરિવારો આજીવિકા ગુમાવીને બેઘર બની જશે. "જાન દેંગે, જમીન નહીં"ના ગગનભેદી નારાઓ સાથે ગ્રામજનોએ વહીવટી તંત્રની નીતિઓ સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે, વહીવટી તંત્ર તેમની રજૂઆતો સાંભળવા સુધ્ધા તૈયાર નથી.

આ આંદોલનને સમર્થન આપવા માટે પૂર્વ ધારાસભ્ય આનંદ ચૌધરી તેમજ અખિલ ચૌધરી સહિતના સ્થાનિક અગ્રણીઓ પણ સ્થળ પર પહોંચ્યા હતા. ખેડૂતોની એક વિશાળ રેલી જ્યારે સ્થાનિક સાંસદ પ્રભુ વસાવાને આવેદનપત્ર આપવા માટે તેમના આશ્રમ તરફ આગળ વધી રહી હતી, ત્યારે પોલીસે આશ્રમ નજીક મજબૂત બેરિકેડિંગ અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને ટોળાને અટકાવ્યું હતું. પોલીસ દ્વારા કૂચ રોકવામાં આવતાં જ માહોલ ગરમાયો હતો અને પ્રદર્શનકારીઓ તથા પોલીસ વચ્ચે ઉગ્ર ઘર્ષણ અને ઝપાઝપીનાં દશ્યો સર્જાયાં હતાં. પરિસ્થિતિ વણસતી જોઈ પોલીસે તુરંત પગલાં ભરીને પૂર્વ ધારાસભ્ય આનંદ ચૌધરી અને અખિલ ચૌધરી સહિત આશરે ૨૦થી ૩૦ જેટલા વિરોધકર્તાઓની અટકાયત કરી હતી.

પોલીસ દ્વારા અગ્રણીઓની અટકાયત કરાતાં જ ખેડૂતો વધુ આક્રોશિત થયા હતા અને તેમણે વાપી-શામળાજી હાઈવે પર જ બેસીને ચક્કાજામ કરી દીધો હતો.

હાઈવે પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે થંભી જતાં રસ્તાની બંને બાજુએ વાહનોની માઈલો લાંબી કતારો લાગી ગઈ હતી અને વાહનચાલકો અટવાયા હતા. ઘટનાની ગંભીરતાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને ભારે જહેમત બાદ પરિસ્થિતિ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, જમીન સંપાદનનો આ વિવાદ હવે ઉગ્ર રાજકીય રંગ પકડી રહ્યો છે અને ખેડૂતો પણ પીછેહઠ કરવાના મૂડમાં ન હોવાથી આગામી દિવસોમાં સુરત જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ આ આંદોલનના ઘેરા પ્રત્યાઘાતો પડે તેવા પૂરેપૂરાં એંધાણ વર્તાઈ રહ્યાં છે.

## પીડિતાની સંમતિ વિના ગર્ભપાત કરનાર ડો. જિતેન્દ્રસિંહ રાણાનાં જામીન નામંજૂર

સુરતઃ બળાત્કારનો ભોગ બનનાર પીડિતાની સંમતિ વિના સારવાર આપી ગર્ભપાત કરનાર આરોપી ડો. જિતેન્દ્રસિંહ લલિતસિંહ રાણાની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. કોસંબા પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદમાં શરૂઆતમાં પોકસો એક્ટ અન્વયે ગુનો નોંધાયો હતો. પરંતુ તપાસમાં પીડિતા પુખ્ત વયની હોવાનું ખુલતા પોકસોમાં સી સમરી દાખલ કરાઈ હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ રાજેશ ડોબરીયાએ જામીન અરજીનો વિરોધ કરી દલીલો કરી હતી. બચાવ પક્ષે દલીલ કરી હતી કે પીડિતા અને તેના માતા-પિતામાં મતભેદ હોવાથી આરોપીને ખોટો ફસાવ્યો છે. ઓપરેશન માટે પીડિતાના પિતાની સંમતિ હતી. આ કેસમાં પીડિતાએ કોર્ટમાં હાજર રહી જામીન અરજીનો લેખિત વિરોધ રજૂ કર્યો હતો. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ સેશન્સ કોર્ટે પ્રાથમિક દ્રષ્ટિએ આરોપી સામે કેસ બનતો હોવાનું માની તેની જામીન અરજી ફગાવી દીધી હતી.

## સુરત જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં જનપ્રશ્નો ગાજ્યા

# રેશનિંગમાં ગેરરીતિ, બોરિંગ, ટ્રાફિક સહિતના મુદ્દે ધારાસભ્યોની પસ્તાળ

**ગરીબોના** અનાજમાં કાપ મૂકતા દુકાનદારોને છોડવામાં નહીં આવેઃ અધિક જિલ્લા કલેક્ટર

**મિલોની** ચીમનીઓનો ધુમાડો લોકોના શ્વાસમાં ભળી રહ્યો છે, જીપીસીબીને કાર્યવાહીના આદેશ

સુરતઃ સુરત કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં ધારસભ્યોએ શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોના પ્રશ્નો જોરશોરથી ઊઠ્યા હતા.

નિવાસી અધિક કલેક્ટર વિજય રબારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં ઉધના વિસ્તારના ધારાસભ્ય મનુભાઈ પટેલે વ્યાજબી ભાવની કેટલીક દુકાનોમાં ગરીબ પરિવારોને મળવાપાત્ર અનાજ ઓછું આપવામાં આવતું હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. તેમણે આવા કાળાબજારી કરતા દુકાનદારોના પરવાના તાત્કાલિક રદ કરવાની માંગણી કરી હતી. આ મુદ્દે નિવાસી અધિક કલેક્ટર વિજય રબારીએ પુરવઠા વિભાગને કડક વલણ અપનાવવાની સૂચના આપતાં તાત્કાલિક તપાસ અને કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા. આગામી દિવસોમાં ચેકિંગ વધુ કડક બનવાના સંકેતો મળ્યા હતા. બીજી તરફ મનુભાઈ પટેલે મિલોની ચીમનીમાંથી નીકળતી ડસ્ટને કારણે રહેણાક વિસ્તારોમાં લોકોનાં સ્વાસ્થ્ય પર ખરાબ અસર થતી હોવાની રજૂઆત કરી હતી. ચીમનીઓ પર ફરજિયાત ફિલ્ટર લગાડવા માંગ કરી હતી. નિવાસી અધિક કલેક્ટરે જીપીસીબીના અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

### ખજોદ, ઉધના-પાંડેસરામાં પાણી ચોરી મુદ્દે ચિંતા

ધારાસભ્ય સંદીપ દેસાઈએ ખજોદ વિસ્તારમાં ગેરકાયદે બોરિંગ કરી મોટા પ્રમાણમાં પાણી ખેંચાતું હોવાની રજૂઆત કરી હતી. તેમણે આવાં તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. બીજી તરફ મનુભાઈ પટેલે પણ ઉધના-પાંડેસરા વિસ્તારમાં જમીનમાંથી ગેરકાયદે રીતે પાણી ઉલેચીને ટેન્કરો મારફતે વેચાણ થતું હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. બંને રજૂઆતને પગલે પ્રશાસને પાણીના ગેરકાયદે દુરુપયોગ સામે સખત કાર્યવાહીનો સંકેત આપ્યો હતો.

### એકનું એક તેલ વાપરી આરોગ્ય સાથે ચેડાં

કતારગામના ધારાસભ્ય વિનુભાઈ મોરડિયાએ શહેરના ફરસાણ અને ખાદ્ય પદાર્થોના વેપારીઓ દ્વારા વારંવાર એ જ તેલનો ઉપયોગ કરીને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવતાં હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. પાલિકાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે જવાબ આપતાં જણાવ્યું હતું કે, છેલ્લા દોઢ મહિનામાં ૧૧૦૦થી વધુ નમૂના લેવામાં આવ્યા છે અને આગળ પણ વધુ સઘન ચકાસણી હાથ ધરાશે. કતારગામ વિસ્તારમાં વાહનોમાં ફૂડ વેચતા ફેરિયાઓને કારણે ટ્રાફિક સમસ્યા ઊભી થતી હોવાની રજૂઆત પર ટ્રાફિક પોલીસે આગામી સમયમાં વિશેષ ડ્રાઈવ હાથ ધરવાની ખાતરી આપી હતી.

### હજીરા માર્ગ પર ભારે વાહનોને સમયબદ્ધ પ્રતિબંધની તૈયારી

ધારાસભ્ય સંદીપ દેસાઈએ ઇચ્છાપોરથી હજીરા અને ભેંસાણ માર્ગ પર ભારે વાહનોની બેફામ અવરજવરથી સ્થાનિક નાગરિકો અને વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી પડી રહી હોવાનું જણાવ્યું હતું. ખાસ કરીને શાળા છૂટવાના સમયમાં અકસ્માતની ભીતિ વધતી હોવાની રજૂઆત કરી હતી. આ મુદ્દે પોલીસ વિભાગના અધિકારીએ જણાવ્યું કે, સાંજે ૫.૧૫થી ૬.૪૫ દરમિયાન ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવા જાહેરનામું બહાર પાડવાની પ્રક્રિયા ચાલી રહી છે. હજીરા વિસ્તારમાં સર્વિસ રોડ પર લાંબા સમયથી ગેરકાયદે રીતે પડેલાં વાહનો ટ્રાફિક માટે મોટી સમસ્યા બન્યા હોવાનું પણ બેઠકમાં સામે આવ્યું હતું. સંદીપ દેસાઈએ આવાં વાહનો તાત્કાલિક દૂર કરીને સુવ્યવસ્થિત પાર્કિંગ વ્યવસ્થા ઊભી કરવાની માંગણી કરી હતી.

### સાયણમાં ગેરકાયદે બાંધકામો સામે મુકેશ પટેલની રજૂઆત

જ્યારે ઓલપાડ તાલુકાના સાયણ વિસ્તારમાં સુડાની હદમાં આવેલી બિનખેતી જમીન પરના ગેરકાયદે બાંધકામો મુદ્દે ધારાસભ્ય મુકેશભાઈ પટેલે રજૂઆત કરી હતી. ધારાસભ્યએ અને કોમન પ્લોટ પરનાં દબાણો દૂર કરવા પણ રજૂઆત કરી હતી.

### પોલીસ ભવનમાં ટ્રાફિક વિભાગને પણ સ્થાન આપવા માંગ

સંદીપ દેસાઈએ ભાટપોર ખાતે નિર્માણાધીન પોલીસ ભવનમાં ટ્રાફિક વિભાગની કચેરીઓનો પણ સમાવેશ કરવા માંગણી કરી હતી. જેથી હજીરા અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બની શકે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### એક જ નામે...

અથવા તો ગેરમાર્ગે દોરીને એક જ વ્યક્તિના નામે 90 જેટલા બેંક ખાતા અને 40 જેટલા સિમકાર્ડ એક્ટિવ હોવાનું તપાસમાં ખુલતા પોલીસ તંત્ર પણ સ્તબ્ધ થઈ ગયું છે. આ ચિંતાજનક સ્થિતિને નાથવા સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે આજે ૧૬ મેના રોજ દેશની અગ્રણી બેંકો, પેમેન્ટ એગ્રીગેટર્સ અને ટેલિકોમ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ સાથે એક હાઈલેવલ મેગા બેઠક યોજી હતી. કમિશનરે સ્પષ્ટ શબ્દોમાં બેંકો અને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સને કડક અલ્ટીમેટમ આપતા જણાવ્યું છે કે, સાયબર ગુના રોકવામાં કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.

### નવી મોડસ ઓપરેન્ડીથી બચો: CP ગેહલોત

પોલીસ કમિશનરે જનતાને અપીલ કરતા જણાવ્યું છે કે આજકાલ ઠગો મોબાઈલ પર .apk ફાઈલ મોકલી આરટીઓ મેમો કે સરકારી યોજનાના નામે લિંક ક્લિક કરાવી આખું બેંક એકાઉન્ટ સાફ કરી નાખે છે. એટલું જ નહીં, વોટ્સએપ નંબર પોર્ટ કરાવીને સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક કરવાની નવી તરકીબ પણ સામે આવી છે. ગુનેગારોથી બે કદમ આગળ રહેવા માટે સુરત પોલીસના તમામ સંવેદનશીલ પોલીસ સ્ટેશનના સ્ટાફ અને સાયબર એક્સપર્ટ્સ માટે કમિશનરની અધ્યક્ષતામાં બે દિવસીય ખાસ લાઈવ ટ્રેનિંગ સેસન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

### ખાતાધારકો વિદેશ...

રૂપિયા આ ખાતાઓમાં ટ્રાન્સફર કરાવે છે અને તેની ફાઇનલ કેશ વિથડ્રોઅલ દુબઈથી કરવામાં આવે છે. આ આખું રેકેટ પકડવા માટે બેંકોના સ્પેશિયલ આઈટી સેલ અને પેમેન્ટ ગેટવેના પ્રતિનિધિઓ સાથે કલાકો સુધી મંથન કરવામાં આવ્યું હતું.

### સચિન-ગભેણીમાં...

કૂતરાંઓની સમસ્યાનો અંત જ આવતો નથી. સુપ્રીમ કોર્ટની ટકોર છતાં પણ સુરત મનપાનું તંત્ર ઘોર ઉંઘમાં જ છે.

મળતી માહિતી મુજબ સચીન જીઆઈડીસી અને આસપાસના રહેણાંક વિસ્તારોમાં વહેલી સવારથી જ રખડતા કૂતરાંના ટોળાં રસ્તા પર ફરી રહ્યા હતા. કામદારો, સ્કૂલ જતાં બાળકો તેમજ વૃદ્ધો પર કૂતરાએ હુમલા કરતાં અનેક લોકોને ઈજાઓ પહોંચી હતી. ગભેણી વિસ્તારમાં પણ સાંજના સમયે બે-ત્રણ ટોળકીઓમાં ફરતા કૂતરાઓએ લોકોનો પીછો કરી બચકા ભર્યાની ઘટનાઓ બનતા વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. ડોગબાઇટના ભોગ બનેલા કેટલાક લોકોને ખાનગી હોસ્પિટલ તેમજ સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવાની ફરજ પડી હતી. સુરતમાં રખડતાં કૂતરાંઓની સમસ્યા વ્યાપક હોવા છતાં પણ મનપા તંત્રને કશી પડી જ નથી. કરોડો રૂપિયાનો ખર્ચો રખડતાં કૂતરાંઓના રસીકરણ અને ખસીકરણ પાછળ કરવામાં આવતો હોવાના દાવાઓ કરવામાં આવે છે પરંતુ 'જંગલ મેં મોર નાચા, કિસને દેખા'ની જેમ આ કામગીરી થતી જ નથી અને રખડતાં કૂતરાંઓની સંખ્યા વધતી જ રહે છે.

### ઔદ્યોગિક અને નવા વિસ્તારોમાં તો રખડતાં કૂતરાંઓને પકડવા માટે તંત્ર રાજી જ નહીં હોવા જેવો ઘાટ

મનપા દ્વારા દર વર્ષે ડોગ સ્ટેરિલાઇઝેશન અને એન્ટી રેબીઝ વેક્સિનેશન માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે. તેમ છતાં શહેરમાં ડોગબાઇટના કેસોમાં ઘટાડો થવાના બદલે વધારો થઈ રહ્યો હોવાની ચર્ચા ઊઠી છે. ખાસ કરીને ઔદ્યોગિક અને નવા વિકસતા વિસ્તારોમાં રખડતા કૂતરાની સંખ્યા બેકાબૂ બની રહી હોવા છતાં તંત્ર અસરકારક કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયું હોવાનું સ્થાનિકો કહી રહ્યા છે. શહેરમાં સતત વધી રહેલા ડોગબાઇટના બનાવોને લઈને હવે મનપા તંત્ર સામે ગંભીર સવાલો ઊભા થયા છે કે આખરે કરોડો રૂપિયાની કામગીરીનો લાભ ક્યાં જઈ રહ્યો છે અને નાગરિકોને રખડતા કુતરાના આતંકમાંથી ક્યારે મુક્તિ મળશે?

### સુરતના ભોજનને...

કરવામાં આવી હતી. પણ ગ્રાહકો નહીં મળતાં ગણતરીના મહિનાઓમાં એ રેસ્ટોરન્ટ બંધ થઈ ગઈ હતી. સુરતમાં તેમણે વર્ષ 2012-2013ની આસપાસ પોતાની રેસ્ટોરન્ટ શરૂ કરી હતી. પ્રારંભમાં 'શામ સવેરા' (પાલક પનીર કોફ્તા) અને 'લલ્લા મૂસા દાલ' જેવી વાનગીઓ સુરતીઓમાં ખૂબ જાણીતી બની હતી. ભારતનાં અન્ય શહેરો મુંબઈ, દિલ્હી (નોઈડા અને ગુરુગ્રામ સહિત), પુણે, બેંગલુરુ, હૈદરાબાદ, લખનૌ, ચંદીગઢ અને અમૃતસરમાં તેઓએ સુરતની સાથે રેસ્ટોરન્ટ શરૂ કરી હતી. પરંતુ સુરતમાં તે ચાલી નહોતી.

### પેટ્રોલ અને...

રહ્યા છે. પાછલા દિવસોમાં પેટ્રોલનાં ભાવમાં રૂ 2.99 અને ડિઝલની કિંમતોમાં રૂ.3નો વધારો થવાને કારણે શહેરોમાં રોજિંદા ઓફિસ જતાં કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને નાના વેપારીઓ માટે ઈંધણનો ખર્ચ માસિક બજેટમાં મોટો હિસ્સો બની ગયો છે. જેના કારણે લોકો હવે પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો વધુ ઉપયોગ કરવાની વિચારણા કરી રહ્યા છે. સિટી બસ, બી.આર.ટીએસ અને ટ્રેન જેવી સેવાઓ તરફ લોકોનો ઝુકાવ વધી રહ્યો છે. ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાઓ વચ્ચે જાહેર પરિવહન હવે સસ્તો અને અનુકૂળ વિકલ્પ માનવામાં આવી રહ્યો છે. બીજી તરફ ઈલેક્ટ્રિક વાહનો (EV) પ્રત્યે પણ લોકોમાં રસ વધી રહ્યો છે. બજારમાં હવે વિવિધ કંપનીઓ દ્વારા ઈલેક્ટ્રિક સ્કૂટર, બાઈક અને કાર ઉપલબ્ધ હોવાથી લોકો લાંબા ગાળાની બચતને ધ્યાનમાં રાખીને તેને ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. સરકાર દ્વારા પણ ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા સબસિડી અને ચાર્જિંગ સ્ટેશન જેવી સુવિધાઓ પણ શહેરમાં ઉપલબ્ધ છે. લોકોનું કહેવું છે કે, ડ્રાઈવિંગ સ્ટાઈલ, ઓછી સ્પીડ અને ટ્રાફિકમાં વાહન બંધ રાખવાની ટેવથી પણ ઈંધણની બચત શક્ય બને છે.

### સુરતમાં ફરી...

ગોળા અને આઈસ્ક્રીમની દુકાનો પર લોકોની ભીડ પણ વધતી જોવા મળી હતી. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ શહેરમાં ગરમીનો માહોલ યથાવત રહી શકે છે. તાપમાનમાં વધુ વધારો થવાની શક્યતા વચ્ચે શહેરીજનોએ બપોરના સમયે અનાવશ્યક બહાર નીકળવાનું ટાળવું, પૂરતું પાણી પીવું અને ગરમીથી બચવા જરૂરી સાવચેતી રાખવી જરૂરી બની છે.

### ગેસ બંધ:...

મંજૂરી અને અંડરગ્રાઉન્ડ યુટિલિટી લાઈનની માહિતી વગર ખોદકામ થવાને કારણે આવી ઘટનાઓ વારંવાર સર્જાતી હોવાની ચર્ચા ચાલી રહી છે. સ્થાનિક રહેવાસીઓએ જવાબદાર પક્ષ સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

### દાદ માંગતી...

દર્શાવીને આરોપીના મોં ઉપર પાણીનો ગ્લાસ ફેંક્યો હતો. પાયલ ઘોષ હિરોઈન દ્વારા આરોપીએ જાતિય સતામણી કરી હોવાનો આક્ષેપ સહિત આરોપી ક્રિમિનલ માનસિકતા ધરાવે છે. આરોપીના આવા નિવેદનથી ભારત દેશમાં જુદી જુદી જાતિઓ વચ્ચે વૈમનસ્ય ફેલાઇ રહ્યાનું અરજીમાં ઉલ્લેખ કરાયો હતો.

### માઇગ્રેનની...

લસકાણા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રિયદર્શન સ્વામીએ કયો પદાર્થ પીધો હતો અને ઘટના પાછળનું સાચું કારણ શું હતું તે જાણવા માટે પોલીસે તમામ પાસાઓની તપાસ શરૂ કરી છે. મંદિર સાથે જોડાયેલા સેવકો અને નજીકના લોકોના નિવેદનો પણ લેવામાં આવી રહ્યા છે.

### બ્રાહ્મણ સમાજ...

કરેલી અભદ્ર અને વાંધાજનક ટિપ્પણી ભારે પડી છે. આ વિવાદાસ્પદ નિવેદનનાં મુદ્દે સુરતના વકીલ કમલેશકુમાર રાવલએ કોર્ટમાં માનહાનિ સહિતની કલમો અન્વયે ફોજદારી ફરિયાદ નોંધવા માંગેલી દાદ જ્યુડિ.મેજિ.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) કોર્ટનાં જજ અક્ષયકુમાર સૂર્યકાન્ત જાનીએ અંશતઃ મંજૂર કરી ન્યાયિક કાર્યવાહી ચલાવવા ગુનો રજિસ્ટર કરવા આદેશ આપ્યો હતો તેમજ અનુરાગ કશ્યપને કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કર્યો હતો. ૧૪ મહિના બાદ સુરત કોર્ટે આ મામલાને ગંભીર ગણીને મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો.

તા.૧૬.૦૪.૨૦૨૫ ના રોજ આરોપી અનુરાગ કશ્યપએ સોશિયલ મીડિયા (ટવીટર) ઉપર સમગ્ર બ્રાહમણ સમાજને બદનક્ષી લાગે તેવી પોસ્ટ મૂકી હતી. પોસ્ટનો વિરોધ કરનાર સામે પણ અભદ્ર ટિપ્પણી કરી હતી. આરોપીની આ પોસ્ટથી સમગ્ર બ્રહ્મ સમાજનું અપમાન થયું હોય, આરોપીના આવા નિવેદનથી સમગ્ર રાષ્ટ્રના ધર્મ અને જુદી જુદી જાતિ વચ્ચે દુશ્મનાવટ ફેલાવાનો ભય છે. જેથી ફરિયાદી વકીલ કમલેશકુમાર રાવલએ આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૧૯૬, ૧૯૭, ૩૫૧, ૩૫૨, ૩૫૩, ૩૫૬ મુજબ ગુનો દાખલ કરવા દાદ માંગી હતી. ફરિયાદ પક્ષે આરોપીએ સોશિયલ મિડીયા ઉપર મૂકેલી પોસ્ટની નકલ, સોશિયલ મીડિયામાં માફી માંગતા પોસ્ટની નકલ, ટવીટર ઉપર માંફી માંગતી પોસ્ટની નકલ, સોશિયલ મીડિયા પ્રોફાઇલની નકલો રજૂ કરાઈ હતી. રજૂ પુરાવાને ધ્યાને રાખી આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૧૯૬, ૩૫૨, ૩૫૩(૨) મુજબનો ગુનો બનતો હોય કોર્ટે અરજદારની અરજી અંશતઃ મંજૂર કરી અનુરાગ કશ્યપ વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ-૧૯૬, ૩૫૨, ૩૫૩(૨) મુજબ ન્યાયિક કાર્યવાહી ચલાવવા સારુ ફોજદારી ગુનો રજિસ્ટર કરવા આદેશ આપ્યો હતો.

### સ્વામીનું 20...

બાદ દુઃખદ અવસાન થયું છે. પ્રાથમિક પોલીસ તપાસ મુજબ, તેઓ ઘણા સમયથી માઇગ્રેનની ગંભીર બીમારીથી પીડાતા હોવાથી માનસિક રીતે પરેશાન હતા અને તે કારણે આપઘાત જેવું પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ સમગ્ર બનાવ બાદ શ્રી સ્વામીનારાયણ સિદ્ધાંત હિતરક્ષક સમિતી દ્વારા પોલીસને લેખિત રજૂઆત કરી આ માત્ર સામાન્ય આત્મહત્યાનો કેસ હોઈ શકે નહીં તેવું કહેતા મોટો વિવાદ થયો છે.

મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વતની અને હાલ સુરતના કાપોદ્રા ચીકુવાડી ખાતે આવેલા કલાકુંજ સ્વામીનારાયણ મંદિરમાં નિવાસ કરતા ૪૮ વર્ષીય પ્રિયદર્શન સ્વામી ઘનશ્યામ મહારાજના અનન્ય સેવક તરીકે ઓળખાતા હતા. તેઓ ભજન-ભક્તિ અને કથા-વાર્તા દ્વારા ભક્તોમાં આધ્યાત્મિક જાગૃતિ ફેલાવતા હતા. ગત એપ્રિલ મહિનામાં લસકાણા સ્થિત સ્વામીનારાયણ મિશનમાં પાઠોત્સવનું આયોજન હોવાથી તેઓ ત્યાં રોકાયા હતા. દરમિયાન 26 એપ્રિલની સવારે પ્રિયદર્શન સ્વામીએ અજાણ્યો પદાર્થ પી લીધો હતો. ઘટનાની જાણ થતાં જ મંદિરમાં હાજર સેવકો અને અનુયાયીઓએ તેમને તાત્કાલિક બેભાન હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ તેમની સ્થિતિ ગંભીર બનતા વધુ સારવાર માટે અડાજણ વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં છેલ્લા કેટલાક દિવસોથી તેમની સારવાર ચાલી રહી હતી. જોકે સારવાર દરમિયાન ગઈકાલે બપોરે પ્રિયદર્શન સ્વામીએ અંતિમ શ્વાસ લીધા હતા.

### મંદિર જેવી પવિત્ર જગ્યાએ બનેલી ઘટનાએ ભક્તોમાં ચિંતા વધારી

ધાર્મિક સંસ્થાઓમાં સાધુઓને આધ્યાત્મિક અને માનસિક રીતે મજબૂત માનવામાં આવે છે. ત્યારે મંદિર પરિસરમાં જ એક સાધુ દ્વારા આવું પગલું ભરાયું હોવાની ઘટના હરિભક્તોમાં ભારે ચર્ચાનો વિષય બની છે. ઘણા ભક્તો સોશિયલ મીડિયા પર પણ સવાલ ઉઠાવી રહ્યા છે કે જો કોઈ સાધુ માનસિક તણાવમાં હોય, તો શું સંસ્થામાં તેની કાઉન્સેલિંગ અથવા સહાય માટે પૂરતી વ્યવસ્થા છે? આ ઘટનાએ હવે માત્ર એક મૃત્યુ નહીં પરંતુ ધાર્મિક સંસ્થાઓની આંતરિક વ્યવસ્થા અને સાધુઓના માનસિક સ્વાસ્થ્ય અંગે પણ ચર્ચા શરૂ કરી દીધી છે.

### માત્ર કાગળ પર જ નહીં પરંતુ તટસ્થ અને ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવે: હિતરક્ષક સમિતી

શ્રી સ્વામીનારાયણ સિદ્ધાંત હિતરક્ષક સમિતીએ પોલીસ સમક્ષ એવી પણ માંગણી કરી છે કે, મંદિરના CCTV ફૂટેજની તપાસ કરવાની સાથે સ્વામીના મોબાઈલ કોલ રેકોર્ડ અને મેસેજ ચેક થાય, મંદિરના સંતો અને સેવકોના નિવેદન લેવામાં આવે અને જો કોઈ બ્લેકમેઈલ, ધમકી કે માનસિક ત્રાસ આપતો હોય તો તેની સામે કાર્યવાહી થાય. સમિતિના પ્રતિનિધિઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે "તપાસ માત્ર કાગળ પૂરતી નહીં પરંતુ તટસ્થ અને ઊંડાણપૂર્વક થવી જોઈએ."

## ચાંદખેડાના ખીરા કાંડ મોતમાં

# બાળકીના શરીરમાંથી જોખમી બેક્ટેરિયા મળી આવ્યા

**સેપ્ટિસેમિયા** અને ફેફસાંમાં પાણી ભરાવાને કારણે મિસ્ટીનું મોત થયું હોવાનો પીએમ રિપોર્ટ

અમદાવાદઃ અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં ઢોંસાનું ખીરું ખાધા બાદ બે માસૂમ બાળકીના મોતના મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે. ત્રણ વર્ષની મૃતક બાળકી મિસ્ટી પ્રજાપતિનો પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બેક્ટેરિયલ ઈન્ફેક્શન (ચેપ)ના કારણે થયું હોવાનું તબીબી પરીક્ષણમાં બહાર આવ્યું છે. બાળકીના શરીરમાંથી Acinobacter Baumanii (એશિનોબેક્ટર બાઉમાની) નામનો જોખમી બેક્ટેરિયા મળી આવ્યો છે.

તબીબી અહેવાલ મુજબ બાળકીના શરીરમાંથી એશિનોબેક્ટર બાઉમાની નામનો જોખમી બેક્ટેરિયા હોવાનું બહાર આવ્યુ છે. આ બેક્ટેરિયાના કારણે બાળકીના શરીરમાં ગંભીર પ્રકારનો ચેપ ફેલાયો હતો, જેને પગલે બેક્ટેરિયલ સેપ્ટિસેમિયાની સ્થિતિ સર્જાઈ હતી. આ સ્થિતિમાં ઝેરી અસર લોહી મારફતે આખા શરીરમાં પ્રસરી જાય છે અને શરીરના મુખ્ય અંગો પર તેની ગંભીર અસર થાય છે. આ ઈન્ફેક્શનના કારણે બાળકીના ફેફસાંમાં સોજો આવી ગયો હતો અને પાણી ભરાઈ ગયું હતું (લંગ એડિમા). આના કારણે માસૂમને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડી હતી અને અંતે તેનું હૃદય તેમજ શ્વાસ પ્રણાલી બંને કાર્ય કરતાં બંધ થઈ ગયા હતા, જેને તબીબી ભાષામાં કાર્ડિયોરેસ્પિરેટરી ફેલ્યોર કહેવામાં આવે છે.


बैंक ऑफ इंडिया Bank of India BOI

**એસેટ રીકવરી શાખા સુરત :** ૫મો માળ, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, સુરત મેઈન શાખા, કણપીઠ લાલગેટ, સુરત ગુજરાત –૩૯૫૦૦૩. મો નં. : ૯૯૨૪૮૬૯૭૬૮

**સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની ઈ–હરાજી વેચાણ નોટીસ**

**ઈ–હરાજીની તા.૨૫.૦૬.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્ષ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)**

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને ૬(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ ક્રેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો **પ્રત્યક્ષ કબજો** બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. **નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ–હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.**

| અ. નં. | શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ | વેચાણ માટેની મિલકતનું વર્ણન | અ) ડિમાન્ડ નોટીસ ૧૩(૨) ના સરફેસી એક્ટ ૨૦૦૨ હેઠળ (બ) બાકી રકમ અને ડિમાન્ડ નોટીસની તારીખ ક) કબજાનો પ્રકાર | ન્યુનતમ અનામત કિંમત(રૂ.) (૧૦% આર.પી) ઈએમડી (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | મેસર્સ જાવર ઈન્ટરનેશનલ, (તેના ભાગીદારો અને જામીનદારો) શ્રી જુગલકિશોર છગનલાલ જાવર, શ્રીમતી સરિતા જુગલકિશોર જાવર શ્રી નારાયણ પ્રસાદ જાવર રૂચિતા જુગલકિશોર જાવર નિકિતા જુગલકિશોર જાવર તે સ્વર્ગીય ભંવરીદેવી જાવર ના કાયદેસર ના વારસદારો | આર્શીવાદ પેલેસ, ફલેટ નં ઈ–૨૦૯, જેનુ માપ ૨૭૫.૩૮ ચો.મીટર, રે.સ. નં. ૫૬, ૫૭, ૫૮/૧ અને ૮૩ પૈકી, ટી.પી નં. ૨૭, એફ.પી નં. ૧૧૯ અને ૧૨૦,ભટાર રોડ, સુરત–૩૯૫૦૦૭ ખાતે **શ્રી જુગલકિશોર જાવર** ની માલીકી ની છે. | તા. ૧૫.૦૬.૨૦૨૪ <br> રૂા. ૩૩,૧૮,૨૦,૦૪૭.૧૮/– (અંકે રૂા.તેત્રીસ કરોડ અઢાર લાખ વીસ હજાર સુડતાલીસ અને અઢાર પૈસા પુરા)વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે, જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા. <br> પ્રત્યક્ષ કબજો | રૂા. ૧,૪૪,૦૦,૦૦૦/– <br> રૂા. ૧૪,૪૦,૦૦૦/– |
| ૨ | મેસર્સ રામસુન પોલીમર્સ, શ્રી પરેશભાઈ ધમજીભાઈ ચોવટીયા (માલિક) | **સ્થાયી મિલકત** કે જે પીપોદરા ખાતે આવેલ રાજલક્ષ્મી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નામે જાણીતા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના 'બી – ટાઈપ' ના સબ પ્લોટ નં. ૫૫ અને ૫૬ પ્લોટ /યુનિટ નં. ૩ પૈકી ના (રેવન્યુ રેકોર્ડ મુજબ બ્લોક/ પ્લોટ નં. ૩૮૬/બી–૩) એકીકરણ પછી નવો રીવાઈઝડ બ્લોક નં.૧૨૨૨) જમીન રેવન્યુ સર્વે નં. ૩૮૪ બ્લોક નં. ૩૮૬ ગામ. પીપોદરા, જી. સુરત ખાતે આવેલ છે. <br> **અસ્થાયી મિલકત :– ૧ સેટ નવુ મશીન :– સોફ્ટ પીવીસી ક્લીયર ગ્લાસ પ્રોફાઈલ પ્લાન્ટ** (વિસ્તૃત વિગતે વર્ણન :– ૭૫ એમએમ સ્ક્રુ બેરલ્સ અને ૨૦૦ સીડી ગીયર બોક્ષ **(ONHS)** એસએસ ૩૦૪ મટીરીયલ (ડાઈ અને હેડ) સિરામિક હીટર હેવી ડયુટી ટેકઅપ પ્લાન્ટ ૪૦ એચપી એસી ડ્રાઈવ મોટર સાથે, હાઈસ્પીડ એસ એસ કુલીંગ મીક્ષર મશીન ૫૦ એચ.પી મોટર સાથે, સ્ટાર ડેલ્ટા પેનલ કન્ટ્રોલર બોર્ડ, એસએસ પાણીની ટાંકી ૧૦ ફુટ લંબાઈ ઉપર નીચે, ૧૦ ટન કુલીંગ સિસ્ટમ પ્લાન્ટ મોટર વિગેરે સાથે) **, અને જથ્થો :–૧ નવુ મશીન અને તેના ભાગો સોફટ પીવીસી ગ્રાન્યુલ્સ ટવીન એક્ષટ્રુડર પ્લાન્ટ** (વિસ્તૃત વિગતે વર્ણન :– ૨૫૦ હેલિકલ અને જર્મન ટાઈપ ગીયર બોક્ષ ૧૨૦ એમએમ સ્ક્રુ બેરલ ૨૫૦ એમએમ ઓડી બેરલ en41b મટીરીયલ અને ગેસ નેઈટેડ હાર્ડ ક્રોમ ss202 વોટર ટાંકી સ્કીન ચેન્જર ૩૦૦ મીમી હાઈડ્રોલિક સિરામિક હીટર હેવી ડયુટી ડિજીટલ પેનલ બોર્ડ, ૬૦એચપી મોટર એસી ડ્રાઈવ ૩૦૦ એમએમ ગ્રાન્યુલ્સ કટર ૫ એચપી મોટર ) | તા. ૦૭.૦૩.૨૦૨૫ <br> રૂા.૧,૨૪,૯૫,૧૮૩.૭૪/– (રૂપિયા એક કરોડ ચોવીસ લાખ પંચાણું હજાર એકસો ત્યાંસી અને ચુમ્મોતેર પૈસા પુરા)+ વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે, જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા. <br> પ્રત્યક્ષ કબજો | રૂા. ૮૯,૩૩,૦૦૦ <br> રૂા. ૮,૯૩,૩૦૦ |
| ૩ | મેસર્સ જૈનબ એન્ટરપ્રાઈઝ, મહ. કલામ મહ. ખલીલ ખાન (માલિક) શ્રીમતી કિશ્વરજહાન ખાન (જામીનદાર) | તોહીદ પાર્ક નો બીજામાળ નો ફલેટ નં. ૨૦૯, સુપર બિલ્ટ અપ એરીયા માપ ૬૫૦ ચો. ફુટ. ચિલ્ડ્રન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પાસે, આશ્રમ રોડ, ડુંગરા, તા.વાપી, જી. વલસાડ – ૩૯૬૧૯૩ કિશ્વરજહાન મોહમ્મદ કલામ ખાન ના નામે આવેલ છે. <br> તોહીદ પાર્ક નો બીજામાળ નો ફલેટ નં. ૨૧૨, સુપર બિલ્ટ અપ એરીયા માપ ૬૫૦ ચો. ફુટ. ચિલ્ડ્રન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પાસે, આશ્રમ રોડ, ડુંગરા, તા.વાપી, જી. વલસાડ – ૩૯૬૧૯૩ કિશ્વરજહાન મોહમ્મદ કલામ ખાન ના નામે આવેલ છે. <br> તોહીદ પાર્ક નો ત્રીજામાળ નો ફલેટ નં. ૩૦૩, સુપર બિલ્ટ અપ એરીયા માપ ૬૫૦ ચો. ફુટ. ચિલ્ડ્રન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પાસે, આશ્રમ રોડ, ડુંગરા, તા.વાપી, જી. વલસાડ – ૩૯૬૧૯૩ કિશ્વરજહાન મોહમ્મદ કલામ ખાન ના નામે આવેલ છે. <br> તોહીદ પાર્ક નો ત્રીજામાળ નો ફલેટ નં. ૩૦૪, સુપર બિલ્ટ અપ એરીયા માપ ૬૫૦ ચો. ફુટ. ચિલ્ડ્રન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પાસે, આશ્રમ રોડ, ડુંગરા, તા.વાપી, જી. વલસાડ – ૩૯૬૧૯૩ કિશ્વરજહાન મોહમ્મદ કલામ ખાન ના નામે આવેલ છે. | તા. ૧૭.૧૧.૨૦૨૩ <br> રૂા.૬૬,૬૮,૩૩૧.૭૪ (રૂપિયા છાસઠ લાખ અડસઠ હજાર ત્રણસો એકત્રીસ અને ચુમ્મોતેર પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે, જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા. <br> પ્રત્યક્ષ કબજો | રૂા.૫,૫૮,૦૦૦ <br> રૂા.૫૫,૮૦૦ <br> રૂા.૫,૫૮,૦૦૦ <br> રૂા.૫૫,૮૦૦ <br> રૂા.૫,૫૮,૦૦૦ <br> રૂા.૫૫,૮૦૦ <br> રૂા.૫,૫૮,૦૦૦ <br> રૂા.૫૫,૮૦૦ |
| ૪ | મેસર્સ સાંઈ રામ ક્રિએશન, શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયા (માલિક) શ્રી સુરેશ દિનેશભાઈ ભાલીયા (જામીનદાર) | રેહણાંક ફલેટ જે લક્ષ્મી નારાયણ ટાઉનશીપ નો બિલ્ડીંગ નં. એ, ત્રીજા માળ નો ફલેટ નં. ૩૦૫, સુપર બિલ્ટઅપ એરીયા માપ ૭૬૫.૦૦ ચો. ફુટ, રે.સ.નં. ૬૦/૨/૧, ખાતા નં. ૧૫૮૭, મોજે પારડી, સાંઢપોર, તા. વલસાડ, જી. વલસાડ – ૩૯૬૦૦૧ શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયાની માલીકીનો છે . <br> રેહણાંક ફલેટ જે લક્ષ્મી નારાયણ ટાઉનશીપ નો બિલ્ડીંગ નં. એ, ત્રીજા માળ નો ફલેટ નં. ૩૦૬, સુપર બિલ્ટઅપ એરીયા માપ ૭૬૫.૦૦ ચો. ફુટ, રે.સ.નં. ૬૦/૨/૧, ખાતા નં. ૧૫૮૭, મોજે પારડી, સાંઢપોર, તા. વલસાડ, જી. વલસાડ – ૩૯૬૦૦૧ શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયાની માલીકીનો છે . <br> રેહણાંક ફલેટ જે લક્ષ્મી નારાયણ ટાઉનશીપ નો બિલ્ડીંગ નં. બી, ચોથા માળ નો ફલેટ નં. ૪૦૪, સુપર બિલ્ટઅપ એરીયા માપ ૧૦૮૬.૦૦ ચો. ફુટ, રે.સ.નં. ૬૦/૨/૧, ખાતા નં. ૧૫૮૭, મોજે પારડી, સાંઢપોર, તા. વલસાડ, જી. વલસાડ – ૩૯૬૦૦૧ શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયાની માલીકીનો છે . | તા. ૧૨.૦૧.૨૦૧૮ <br> રૂા.૮૨,૭૮,૪૯૬.૧૦ (રૂપિયા બ્યાંસી લાખ ઈઠોતેર હજાર ચારસો છન્નુ અને દસ પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે, જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા. <br> પ્રત્યક્ષ કબજો | રૂા.૮,૪૬,૦૦૦ <br> રૂા.૮૪,૬૦૦ <br> રૂા.૮,૪૬,૦૦૦ <br> રૂા.૮૪,૬૦૦ <br> રૂા.૧૨,૨૦,૦૦૦ <br> રૂા.૧,૨૨,૦૦૦ |
| ૫ | મેસર્સ આન્યા કિરણ ફેબ્રીઝોન, શ્રી વિકાશકુમાર અશોક જૈસ્વાલ (માલિક) | કોમર્શીયલ ઓફીસ મોજે કોસમડી સર્વે નં. ૫૫૬ પૈકી પ્લોટ નં. સીએમ/૧૨ પ્લેટીનીયમ પ્લાઝા, રજો માળ દુકાન નં. એસ–૫ લાયન્સ ઈન્ટરનેશનલ એકેડેમી ની સામે કોસમડી તા. અંકલેશ્વર, જી. ભરૂચ ખાતે વિકાસકુમાર જૈસ્વાલ ના નામે આવેલ છે જેનું માપ ૧૫૫૯.૫૦ ચો.ફુટ છે. | તા. ૦૭.૦૮.૨૦૨૪ <br> રૂા.૧,૨૮,૪૯,૪૬૦.૫૭ (રૂપિયા એક કરોડ અઠાવીસ લાખ ઓગણપચાસ હજાર ચારસો સાઈઠ અને સત્તાવન પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે, જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા. <br> પ્રત્યક્ષ કબજો | રૂા.૨૮,૮૦,૦૦૦ <br> રૂા. ૨,૮૮,૦૦૦ |

**હરાજીમાં ભાગ લેતા પહેલા બીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.**

નિયમો અને શરતો : (૧) સદર મિલકતની હરાજી 'જેમ છે તેમ' અને જ્યાં છે ત્યાં' અને ઓનલાઈન કરવામાં આવશે. (૨) બીડરે વધુ વિગતો, નિયમો અને શરતો ડાઉનલોડ કરવા કૃપા કરી (એ) https://www.bankofindia.bank.in ની મુલાકાત લેવી. (બી) અમારી ઈ–હરાજી સેવા આપનારી વેબસાઈટ https://baanknet.com અને https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડીઓ ઉપલબ્ધ છે. બીડરો એ નીચેના સ્ટેપ બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાના રહેશે. **સ્ટેપ ૧ :** બીડર/ખરીદનાર નોંધણી : ઈ–ઓકશન પ્લેટફોર્મ ઉપર નોંધણી કરનારે (ઉપર આપેલ લીંક) માં મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી નો ઉપયોગ કરવાનો રહેશે. **સ્ટેપ ૨ :** કેવાયસી ખરાઈ : બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ–હરાજી સેવા આપનાર દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી ૨ દિવસ લાગી શકે છે). **સ્ટેપ ૩ :** બીડર ગ્લોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ–હરાજી પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલણનો ઉપયોગ કરીને એનઈએફટી ઈ–હરાજી પ્લેટફોર્મ ઓનલાઈન / ઓફ લાઈન ફંડનું ટ્રાન્સફર કરી શકાશે.**તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ ૪ વાગ્યા પહેલા સ્ટેપ ૪ :** બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ–હરાજી પ્લેટફોર્મ પર ૧, ૨ અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકશે. અને બીડર્સને જાણ કરવામાં આવે છે કે ઈએમડી જમા કરવા પહેલા ઈ–હરાજીની તારીખ પહેલા સ્ટેપ ૧, ૨ અને ૩ સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા પડશે. (૩) અધિકૃત અધિકારીની મહત્તમ જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર અન્ય કોઈ બોજો નથી છતાં બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને ક્લેઈમ / હક્ક / બાકી / બોજા અંગેની જાણકારી મેળવી લેવી. ઈ–હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધીત્વ દર્શાવતી નથી કે દર્શાવતી હોઈ તેમ સમજી શકાશે નહી. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ તમામ બોજા સહિત વેચવાની છે. અધિકૃત અધિકારી / સિકયોર્ડ ક્રેડીટર્સ થર્ડ પાર્ટી ના ક્લેઈમ / રાઈટ્સ / વાંધા માટે જવાબદાર રહેશે નહી. (૪) **નિરીક્ષણ ની તારીખ : ૧૮.૦૬.૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી કરી શકાશે.** તે માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો. (૫) બીડ ફક્ત ઓનલાઈન દ્વારા જ રજૂ કરવી પડશે. (૬) બીડરોએ વેચાણની શરતો વાંચી અને સમજી છે અને તેના માટે બંધાયેલ છે એમ માનવામાં આવશે. (૭) સબમીટ કરવાની બીડ કિંમત અનામત કિંમતથી ઉપર રહેશે અને બીડર્સ તેમની બોલી **અનુ નં. ૧ માટે રૂા. ૧,૦૦,૦૦૦/– (રૂા. એક લાખ ) અને અનુ નં. ૨ થી ૫ માટે રૂા. ૧૦,૦૦૦/–(રૂા. દસ હજાર)** ના ગુણાંકમાં કરવાની રહેશે. (૮) બીડ રજૂ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ મિલકત અંગેની તમામ જાણકારી મેળવી લેવી. (૯) સફળ બીડર્સની ઈએમડી રકમ વેચાણ પ્રક્રિયામાં જમા લેવામાં આવશે અને અસફળ બીડરોની ઈએમડી પરત કરવામાં આવશે. (૧૦) ઈએમડી પર વ્યાજ મળશે નહી અને સફળ થનાર બીડરે અધિકૃત અધિકારી દ્વારા બીડની કિંમત સ્વીકાર્યા બાદ તરત જ વેચાણ કિંમતનાં ૨૫% (ઈએમડી સાથે) જમા કરવાનાં રહેશે અને વેચાણ કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થયાની તારીખથી ૧૫ દિવસ કે તે પહેલા જમાં કરવાનું રહેશે. સફળ બીડર્સ દ્વારા રકમ જમા કરવામાં કસુર (વિલંબ) થયે બીડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુનઃ હરાજીમાં મુકાશે અને કસુરવાર બીડની રકમ બાબતમાં કોઈપણ દાવો / અધિકાર રહેશે નહી. (૧૧) કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા / પાવર નિષ્ફળતા/ અન્ય કોઈ ટેકનીકલ ખામી નિષ્ફળતા વગેરે માટે અધિકૃત અધિકારી / બેંક કે ઈ–હરાજી સેવા આપનાર ને જવાબદાર ગણવામાં આવશે નહી. આથી આકસ્મિક પરિસ્થિતીને દૂર રાખવા માટે ઈચ્છુક બીડરોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ઈ–હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંપૂર્ણ સજ્જ છે તે ચકાસી લેવું. (૧૨) ખરીદનારે લાગુ સ્ટેમ્પ ડયુટી / રજીસ્ટ્રેશન ફી / લાગુ પડતા સરકારી લેણાં જીએસટી અન્ય ચુકવણી અને કોઈપણ કાનુની / બીન કાનુની બાકી કર / આકારણી વેરો વગેરે ભરવો પડશે. (૧૩) અધિકૃત અધિકારી / બેંક ઉચ્ચતમ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને તે હરાજીની કાર્યવાહી કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ ઓફરોને સ્વીકારવા કે નકારવા અથવા ઈ–હરાજી મુલતવી રાખવા/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવા સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે. (૧૪) વેચાણ પ્રમાણપત્ર ફકત ખરીદનાર / અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામે જારી કરવામાં આવશે નહી. (૧૫) વેચાણ સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો / શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો / પુછપરછ સંબંધિત શાખાના આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાશે. (૧૬) સરફેસી કાયદા મુજબ ઉપરોક્ત ખાતાના દેવાદાર / જામીનદાર / ગીરવેદાર ને **૩૦ દિવસ**ની નોટીસ દ્વારા ઉપરોકત તારીખે રાખેલ વેચાણ / હરાજીની જાણ કરવામાં આવેલ છે. (૧૭) " ખરીદનાર જયાં લાગુ પડે ત્યાં TDS ભોગવશે જેમાં અન્ય કાનુની લેણાં, નોંધણી ચાર્જ, સ્ટેમ્પ ડયુટી વગેરે નો સમાવેશ થાય છે.

તા.૧૫.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડીયા, સુરત એસેટ રીકવરી શાખા, સુરત